રાજ્યની બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નિમણૂંક પામતાં આચાર્યોને ફાજલનું રક્ષણ આપવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક: બમશ/૧૩૧૦/૧૨૦૧/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૮/૧૨/૨૦૧૮.

**વંચાણે લીધા:**

(૧) શિક્ષણ વિભાગના તા.૨૩/૦૧/૨૦૧૫ના ઠરાવ ક્રમાંક: બમશ/૧૩૧૦/૧૨૦૧/ગ.
(૨) શિક્ષણ વિભાગના તા.૨૫/૦૭/૨૦૧૭ના જાહેરનામાં ક્રમાંક: GH/SH/77/BMS/1115/1295/G.
(૩) શિક્ષણ વિભાગના તા.૨૭/૦૨/૨૦૧૮ના પરિપત્ર ક્રમાંક: બમશ/૨૦૧૮/૨૩૩૮/ગ.

**આમુખ:**

રાજ્યની બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં તા.૩૦/૦૧/૧૯૯૮ થી તા.૩૧/૦૩/૨૦૧૫ સુધીમાં નિમણૂંક પામેલ શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૧)ના ઠરાવથી ફાજલ તરીકેનું રક્ષણ આપવામાં આવેલ છે. રાજ્યની બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્યની વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૨) સામેના જાહેરનામાંથી સીધી ભરતી કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે. રાજ્યની બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં તા.૩૧/૦૩/૨૦૧૫ પછી નિમણૂંક પામતાં આચાર્યોને ફાજલનું રક્ષણ મળવાપાત્ર થતું ન હોઈ, રાજ્યના અનુભવી શિક્ષકો આચાર્ય તરીકે ઉમેદવારી કરવામાં સંકોચ અનુભવતા હતાં. આથી રાજ્યની બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નિમણૂંક પામતાં આચાર્યોને ફાજલનું રક્ષણ આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે રાજ્યની બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં તા.૩૧/૦૩/૨૦૧૫ બાદ સીધી ભરતીથી આચાર્યની જગ્યા પર નિમણૂંક મેળવનાર ઉમેદવારોને જેઓ શિક્ષક તરીકે ફાજલનું રક્ષણ ધરાવતા હોય તેવા શિક્ષકોને આચાર્ય તરીકેની નિમણૂંક મેળવ્યા બાદ ફાજલનું રક્ષણ આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

રાજ્યની બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફાજલ થનાર આચાર્યોને સમાવવા માટે વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૩) સામેના તા.૨૭/૦૨/૨૦૧૮ના પરિપત્રની જોગવાઈઓ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૧)ના તા.૨૩/૦૫/૨૦૧૫ના ઠરાવની અન્ય જોગવાઈઓ યથાવત રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા.૦૮/૧૨/૨૦૧૮ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના નામે અને તેમના હુકમથી,

(જે.એમ.ભિસાણ)
અધિક સચિવ
શિક્ષણ વિભાગ

નકલ રવાના:-

- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી.(નિયામકશ્રી શાળાઓની કચેરી મારફત).
- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ આ ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.
- ના.શે.અ સિલેક્ટ ફાઈલ.
- સિલેક્ટ ફાઈલ.